# મોબાઈલ સ્નેચીંગના ગુનાનો ભેદ ઉકેલતી અઠવાલાઈન્સ પોલીસ

સુરત શહેરના અઠવાલાઈન્સ પો.સ્ટે. વિસ્તારમાં "અ" પડત ગુન્હા સંબંધે પો.સ્ટે. વિસ્તારમાં પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. અજીતસિંહ રૂપસિંહ તથા અ.હે.કો.કારાભાઈ જાદવભાઈ તથા અ.પો.કોન્સ. પ્રુથ્વીરાજસિંહ જસવંતસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે ''તાપી કીનારે મોહંમદ સમીર નામનો ઈસમ ચોરીનો મોબાઈલ વેચવા ફરે છે" વિગેરે મતલબની બાતમી હકીકત મળતા સદર જગ્યાએ જઈ તપાસ કરતા સદર નામ વાળો ઈસમ મળી આવતા જેનુ નામ ઠામ પૂછતા તેણે પોતાનુ નામ મોહમદ સમીર મો. નુરુ સોદાગર ઉ.વ.૨૧ રહે. ઘર નં. ૯૩૩૬, સુભાષનગર શીતલ ટોકીઝ પાસે, રાંદેર રોડ, સુરતનાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતી કરતા તેની પાસેથી REAL ME કંપનીનો મોડલ નંબર REAL ME XT જે pearl blue કલરનો મોબાઈલ જેનો IMEI NO.(1) 862672042084478 (2) 862672042084460 નો મળી આવેલ જે મોબાઈલની તપાસ કરતા અઠવાલાઈન્સ. પો.સ્ટે. I-ગુ.ર.નં. ૨૫૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો ગુન્હો વણશોધાયેલ હોય જે શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.